# પુના International School
## Shree Swaminarayan Gurukul, Zundal

| PERIODIC ASSIGNMENT -1 2021-22 |
|---|
| ધોરણ- 7 વિષય – ગુજરાતી |
| Syllabus – CH-1,2,3, 4 FROM TEXTBOOK |
| |

## [READING SECTION]વાંચનકાર્ય

### પ્ર-1 નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

1) સુમંત ત્રીજા ધોરણમાં ભણતો હતો. બપોરની રિસેસ પૂરી થઇ અને બધા છોકરાઓ ધક્કાધક્કી કરતા વર્ગમાં દોડી ગયા. સુમંતને ધક્કો વાગ્યો અને એ ટેબલ સાથે અથડાયો. ટેબલ પર મૂકેલો શાહીનો ખડિયો પડી ગયો અને ફૂટી ગયો. શિક્ષક બહુ કડક હતા. એમને ફૂટેલો ખડિયો અને જમીન પર ઢોળાયેલા શાહી જોયા. તે એકદમ ગુસ્સે થઇ તોફાની રામુ તરફ જોઇ બોલ્યા, આ કોનું કામ છે? . વર્ગ આખો શાંત થઇ ગયો. સુમંત ધીરેથી ઊભો થયો અને બોલ્યો ' સાહેબ, મારાથી એ ખડિયો ફૂટી ગયો છે, હુ ગુનેગાર છુ. શિક્ષક સાચુ બોલનાર વિદ્યાર્થી તરફ જોઇ રહ્યા.

પ્રશ્નો
1) સુમંત ક્યા ધોરણમાં ભણતો હતો?
2) બધા છોકરાઓ ક્યાં દોડી જતા હતાં?
3) છોકરાઓનો ધક્કો કોને વાગ્યો?
4) ધક્કો વાગવાથી શું થયું?
5) પોતાનો ગુનો કોને સ્વીકારી લીધો?

2) હવાનું પ્રદૂષણ, પાણીનુ પ્રદૂષણ તેમ અવાજનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ એક ચિંતાનો વિષય છે. ઘરમાં શાળામાં,સભામાં કે રમતના મેદાનમાં મોટેથી વાતો કરવી એ કુટેવ છે. એવી જ રીતે રેડિયો કે ટેલિવિઝનનો અવાજ મોટો રાખવો એ શિષ્ટાચારની વિરુધ્ધ છે. નવરાત્રિ કે લગ્નપ્રસંગે રાતે મોડે સુધી કાનનાં પડદા તોડી નાખે એવો લાઉડસ્પીકરનો અવાજ

રાખવો એ સામાજિક દૂષણ છે. અવાજનું પ્રદૂષણ ઘટાડવું એ શું આપણા હાથમાં નથી ? આવો, આપણે સાથે મળી અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો સંકલ્પ કરીએ. આપણે ઘર, શાળા, સભા, કે મેદાન પર શાંતિ જાળવીશું. રેડિયો અને ટેલિવિઝનનો અવાજ બહુ ધીમો રાખીશું. નવરાત્રિ કે લગ્ન જેવા પ્રસંગે લાઉડસ્પીકરનો મર્યાદિત ઉપયોગ કરીશું.

પ્રશ્નો 1 ) આપણા સૌ માટે ચિંતાનુ કારણ ક્યુ છે ?

2) ક્યા પ્રસંગોએ રાતે મોડે સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ થાય છે?

3) શું કરવું શિષ્ટાચારની વિરુધ્ધ છે ?

4) અવાજનું પ્રદુષણ ઘટાડવા આપણે ક્યો સંકલ્પ કરીશું?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

## [WRITING SECTION]લેખનકાર્ય

### પ્ર-2 નીચેના વિશે નિબંધ લખો.( કોઈ પણ એક)

## <u>ચબૂતરો</u>

ચબૂતરો એટલે પંખીઓને બેસવા માટે, ચણવા માટે તેમ જ પાણી પીવા માટે કરવામાં આવેલી વ્યવસ્થા.

ભારત દેશમાં ત્રણ-ચાર દાયકા પહેલાંના દરેક ગલી કે ફળીયાંમાં નાનો કે મોટો ચબૂતરો લગભગ જોવા મળતો હતો. ભારતીય સંસ્કૃતિમાં પંખીઓને ચણવા માટે દાણા નાખવાનો અનેરો મહિમા છે, જેના પરિણામે આ ચબૂતરાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

ચબૂતરામાં સામાન્ય રીતે પાંચ -છ ફૂટથી વધુ ઉંચાઇ પર બે-ત્રણ ચોરસ ફૂટ જેટલી જગ્યામાં છાપરી બનાવી છાંયો કરેલો હોય છે. એમાં પાણી માટે અલગ વ્યવસ્થા કરેલી હોય છે. ચબૂતરાની

આસપાસ ચણ માટેના દાણા નાખવામાં આવે છે. આ ચણ ખાઇને પંખીઓ પાણી પી ને ચબૂતરા પર બેસી વિરામ કરી શકે છે.

## મહેનત નું મહત્વ

ગુજરાતીમાં જાણીતી પંક્તિ છે' સિદ્ધિ તેને જઇ વરે જે પરસેવે ન્હાય' કવિ અહી મહેનતનો મહિમા વર્ણવે છે. જે વ્યક્તિ મહેનત કરે છે તેને સફળતા હમેશા પ્રાપ્ત થાય છે. સફળતાનો કોઈ શોર્ટકટ હોતો નથી. કેમકે કઠોર મહેનતનો બીજો કોઈ વિકલ્પ જ નથી હોતો જેની પાસે મહેનત રૂપી પારસમણી છે તેને જ સફળતા રૂપી સોનું પ્રાપ્ત થાય છે.

શ્રીમદ ભાગવત ગીતામાં પણ મહેનતનો મહિમા ગવાયો છે તેમાં લખ્યું છે કે મનુષ્યે મહેનત કર્યા વગર ખાવું જોઈએ નહી. બાઇબલ પણ કહે છે કે માણસે મહેનતા વગરનું કાઇ લેવું જોઈએ નહીં. આપના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ મહેનતને મહત્વ આપતા હતા તેથી તે મહાન બની શક્યા તો આપણે પણ મહેનત કરવી જ જોઇએ.

ભારતની સૌથી મોટી રીલાયન્સ કંપની ના સ્થાપક શ્રી ધીરુભાઈ અંબાણી એક સમયે ખુબ જ નાનું કામ કરતાં હતા તથા નિરમા કંપનીના માલિક કરશનભાઇ પટેલ પણ સાયકલ પર જઈને નાની કોથળીમાં પાવડર વેચવા જતાં હતા. પોતાની મહેનત અને ધગસથી એમને સફળતાના શિખરો સર કર્યા એવીજ રીતે આપના ભૂતપૂર્વ રાષ્ટ્રપતી અને દેશના ટોચના વૈજ્ઞાનિક ડોં. અબ્દુલ કલામ પણ પોતાનો અભ્યાસ પૂર્ણ કરવા માટે ઘરે – ઘરે જઈને છાપા વેચવાનું કામ કરતાં હતા.

આમ મહેનત થી જ આગળ આવી શકાય છે એવું જાણી ઉપરના બધા વ્યક્તિ એ ખૂબ મહેનત કરી ખૂબ સફળ થયા તો આપણે પણ મહેનતને જ મહત્વ આપી ખૂબ મહેનત કરવી જોઈએ.

# [GRAMMAR SECTION] વ્યાકરણ

## પ્ર-3 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | લોકો | = | માણસો | 2) | દયાળું | = | પ્રેમાળ |
| 3) | ખૂબ | = | વધારે | 4) | પ્રેમથી | = | સ્નેહથી |
| 5) | સીડી | = | નિસરણી | 6) | મુશ્કેલી | = | તકલીફ |
| 7) | પાત્ર | = | સાધન | 8) | ખુશ | = | આનંદી |
| 9 ) | પગ | = | ચરણ | 10 ) | નવાઈ | = | આશ્ચર્ય |
| 11 ) | કિંમત | = | મૂલ્ય | 12 ) | દુનિયા | = | વિશ્વ |
| 13 ) | ઓજાર | = | સાધન | 14 ) | આનંદ | = | ખુશી |
| 15 ) | આંખ | = | નેત્ર | 16 ) | દરિયો | = | સાગર |
| 17 ) | નાદ | = | અવાજ | 18 ) | વૃક્ષ | = | ઝાડ |

## પ્ર-4 નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | દિવસ | x | રાત | 2 ) | નાના | x | મોટા |
| 3 ) | થોડું | x | વધારે | 4 ) | ઉંચો | x | નીચો |
| 5 ) | પ્રામાણિક | x | અપ્રામાણિક | 6 ) | જૂઠું | x | સાચુ |
| 7 ) | વિશ્વાસ | x | અવિશ્વાસ | 8 ) | ફિકર | x | બેફિકર |
| 9 ) | વેચવું | x | ખરીદવું | 10 ) | પહોળું | x | સાંકડું |
| 11 ) | વિરાટ | x | વામન | 12) | નજીક | x | દૂર |
| 13 ) | અંધારુ | x | અજવાળું | | | | |

## પ્ર-5 ઉદાહરણ પ્રમાણે કાવ્યમાંના પ્રાસની શબ્દજોડી બનાવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | વાત | = | રળિયાત | 2) | નાદ | = | સોગાદ |
| 3) | તમરાં | = | ભમરાં | 4) | સૂર | = | દૂર |

5) વહે = કહે

## પ્ર-6 નીચે આપેલા શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો

1) નિશા પંખી ઉપવન ગિરિવર માછલી ધરતી.

જ) ઉપવન ગિરિવર ધરતી નિશા પંખી માછલી.

# [LITERATURE SECTION]સાહિત્ય

## પ્ર-7 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) ચબુતરો કોના માટે બાંધવામાં આવ્યો હશે?

જ) ચબુતરો પક્ષીઓ માટે બાંધવામાં આવ્યો હશે.

2) ચબુતરામાં શું નાંખવામાં આવે છે?

જ) ચબુતરામાં દાણાં નાંખવામાં આવે છે.

3) ચબુતરા ઉપર છત શા માટે બાંધવામાં આવે છે?

જ) પક્ષીઓને ખાવા-પીવાનું મળી રહે અને ગરમી – ઠંડીથી રક્ષણ મળે તે માટે ચબુતરા ઉપર છત બાંધવામાં આવે છે.

4) પંખીને પાણી પીવા માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે?

જ) પંખીને પાણી પીવા માટે એક પાત્રની વ્યવસ્થા કરવામાં આવી છે.

5 ) આકાશમાં શું – શું સુંદર દેખાય છે?

જ) આકાશમાં સૂરજ , ચાંદો , તારા , સુંદર દેખાય છે.

6 ) કવિના મનમાં બધુ જ સુંદર જોઈને શો વિચાર આવે છે?

જ) કવિના મનમાં બધુ જ સુંદર જોઈને વિચાર આવે છે કે " આ સુંદરતાનુ સર્જન કરનાર ભગવાન કેવા હશે?.

7) ‘ પરોઢ અને રાત સુંદર છે’. – કઈ પંક્તિમાં આ ભાવ વ્યક્ત થયો છે?

જ) ‘ પરોઢ અને રાત સુંદર છે’ આ ભાવ ‘ ઉષા સુંદર નિશા સુંદર’ પંક્તિમાં વ્યક્ત થયો છે.

8 ) મોચી ભગત સ્વભાવે કેવા હતા?

જ) મોચી ભગત સ્વભાવે પ્રામાણિક હતા.

9 ) મોચીભગત નવા ઓજારો ક્યારે વસાવી શક્યા?

જ) મોચીભગત નવા ઓજારો બાર મહિના પછી વસાવી શક્યા.

10 ) છેલ્લે મોચી ભગત સાધુ વિશે શું કહે છે?

જ) છેલ્લે મોચી ભગત સાધુ વિશે શું કહે છે “ આપ ખરા સાધુ! ”

11 ) કવિ પ્રકુતિમાં કોના દર્શન કરે છે?

જ) કવિ પ્રકુતિમાં ઈશ્વરનાં દર્શન કરે છે.

12 ) કવિ કોને ભગવાનની આંખ ગણે છે?

જ) કવિ સરોવરને ભગવાનની આંખ ગણે છે.

13 ) ઈશ્વર સંતાકૂકડી ક્યાં રમી રહ્યો છે?

જ) ઈશ્વર સંતાકૂકડી મેઘધનુષ્યનાં રંગોમાં રમી રહ્યો છે.

14 ) ઈશ્વર કયાં સ્વરૂપે સોગાદ આપે છે?

જ) ઈશ્વર ફૂલોની સુગંધ અને તેમના રંગો સ્વરૂપે સોગાદ આપે છે.

15) હોડીને કોણ હંકારતુ હશે?

જ) હોડીને ભગવાન હંકારતા હશે.